**કન્યાઓની ફી મુકિત બાબત**

ક્રમાંકઃ– હિસાબી–૨/અનદ/પરિપત્ર/૨૦૧૮–૧૯/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જીલ્લો,પાલનપુર
તારીખઃ–૧૬/૦૪/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિલ્લોઃ બનાસકાંઠા

વિષયઃ– **ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી શાળાઓની કન્યાઓને ફી મુકિત બાબત.**

સંદર્ભઃ–૧. ના.શિ. નિયામકશ્રી (માધ્ય.), કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા.ગાંધીનગરના પત્રક્રમાંકઃ ઘ/માધ્ય/મા.૧/૨૦૧૭/૧૨૫૯૦–૧૨૬૫૯, તા.૨૬/૭/૨૦૧૭
૨. આ કચેરીના પત્રક્રમાંકઃહિ.૨/અનદ/ગ્રાન્ટ/૨૦૧૭–૧૮/૮૦૨૭૦–૪૫૮, તા.૧૮/૮/૨૦૧૭

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભપત્ર–૧ ના પરિપત્રમાં જણાવ્યા મુજબ રાજયની બિન આદિજાતિ વિસ્તાર/આદિજાતિ વિસ્તાર અને ખાસ અંગભૂત યોજના હેઠળના વિસ્તારની ધોરણ–૯ થી ૧૨ ની **નિભાવ અનુદાન લેતી અને ફી વિકલ્પવાળી બિન સરકારી** ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની કન્યાઓને વિનામુલ્યે શિક્ષણ પુરુ પાડવા ઠરાવની સૂચના નંબર–૧ થી યોજના જુન–૨૦૧૭ થી શરૂ થનાર શૈક્ષણિક સત્રથી લાગુ પાડવામાં આવેલ અને સૂચનાનં.૩ માં જણાવ્યા મુજબ વિદ્યાર્થીનીઓ પાસેથી કોઈપણ પ્રકારની ફી લઈ શકાશે નહી તેવો પરિપત્ર સંદર્ભપત્ર–૨ થી કરવામાં આવેલ.

સંદર્ભપત્ર–૧ ના પરિપત્ર અન્વયે સંદર્ભપત્ર– ૨ થી આ કચેરી ધ્વારા કરવામાં આવેલ પરિપત્રની અમલવારી કરવી અને ધો. ૯ થી ૧૨ ની **નિભાવ અનુદાન લેતી અને ફી વિકલ્પવાળી બિન સરકારી** ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓ પાસેથી કોઈપણ પ્રકારની ફી લેવી નહિ. જો કોઈ શાળા વિદ્યાર્થીનીઓ(કન્યા) પાસેથી કોઈપણ પ્રકારની ફી લેશે તો આ બાબતે કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી શાળાના આચાર્યશ્રીની અંગત રહેશે જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા,પાલનપુર